સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન...

# પંખ

દીપોત્સવી અંક| વર્ષ ૨૦૧૭



# અનુક્રમણિકા


સંપાદકની કલમે
ગઝલ – નિનાદ અધ્યારુ
બાળવાર્તા - મનીષા દેસાઈ
આજની ક્ષણ - પીયુષ ભટ્ટ
બે દોસ્ત – ડો. અંકિત પટેલ
મિલકત – ધારિણી સોલંકી
મિસાલ મિત્રતાની – રીટા મેકવાન
અછાંદસ – રાજુલ ભાનુશાલી
દેવનું દીધેલ – ઉમા પરમાર
ગઝલ – શૈલેષ પંડ્યા 'નિશેષ'
દિવાળીની ગીફ્ટ – પૂર્વી બાબરિયા
સાઇકલવાળો – અનુશ્રી મોદી
ગઝલ – સિદ્દીક ભરૂચી
આંખોનું રતન – દિલીપ ઘાસવાલા

# સંપાદકની કલમે

યાજ્ઞિક વઘાસિયા

**“સંભારવો તો તેને હોય જે એક ક્ષણ પણ હૃદયથી વિસરાય,**
**જે પ્રેમને સંભારવો પડ્યો, તો તે વેળા જ નિરાધાર બન્યો અને ગયો.”**
**- સુરેશ દલાલ**

કવિ શ્રી સુરેશ દલાલની આ વાત સાથે હું પૂરી રીતે સહમત છું. ‘પંખ’ શરુ કર્યું, ત્યારથી અત્યાર સુધી અમને તમારો હંમેશા પ્રેમ મળ્યો છે, અમારે ક્યારેય તમારા પ્રેમને યાદ નથી કરવો પડ્યો. હંમેશા તમે પ્રેમ વરસાવ્યો અને અમને સાથ આપ્યો, એ માટે અમે તમારા આભારી છીએ.

કાલે કાળી ચૌદશ ગઈ. બે વર્ષ પહેલા જયારે ‘પંખ’ શરુ કરવા માટેની જ પહેલી વહેલી મિટિંગ થઇ, ત્યારે કાળી ચૌદશ જ હતી. એટલે આમ જોવા જઈએ તો, ‘પંખ’ના વિચારને આજે બે વર્ષ પુરા થયા. બે વર્ષની પુર્ણાહુતીએ અમે આપ સૌ સમક્ષ લઈને આવ્યા છીએ, ‘ઓડીઓ-વિઝ્યુઅલ પંખ’. અમારી YouTube ચેનલ ને સબસ્ક્રાઇબ કરીને માણો, ‘પંખ’ના અમુક સિલેક્ટેડ આર્ટીકલ, વાર્તાઓ અને કવિતાઓ. સાથે સાથે ગુજરાતી સાહિત્યની અમુક એવરગ્રીન રચનાઓ પણ અમે રેકોર્ડ કરીને મુકીશું.

‘ફડફડાટ’ના મોટાભાગના વિડીયો પણ અમે અમારી YouTube ચેનલ પર મૂકી દીધા છે. આનંદો. ‘ફડફડાટ’ની સફળતા પછી અમે ‘સીરીઝ ઓફ ઈવેન્ટ્સ’ ઓર્ગેનાઇઝ કરવાનું પ્લાનિંગ કર્યું છે. તમે એમાં અમને કોઈ રીતે મદદરૂપ થઇ શકો એમ હોય ચોક્કસ સંપર્ક કરજો.

આ અંક અમારા ગેસ્ટ ઓથર્સને જ સમર્પિત છે. અમારી ટીમનો આમાં એક પણ આર્ટીકલ નથી. નવેમ્બર મહિનાનો રેગ્યુલર અંક એક અઠવાડિયા પછી રીલીઝ થશે. ત્યાં સુધી આ અંકની મજા માણો અને વધુમાં વધુ ભાવકો સુધી પહોંચાડો.

દીપોત્સવી અંક માટે લગભગ દોઢસો કરતા પણ વધુ એન્ટ્રીસ આવેલી. એમાંથી સિલેક્ટ કરવું અમારા માટે કઠીન હતું. જે લોકોએ વર્ડ ફોર્મેટમાં ગુજરાતી ટાઈપ કરીને એમની રચનાઓ મોકલી હતી, એમની પસંદગી અમે પહેલી કરી છે. ને એમાં પણ જેમાં ટાઇપો એરર્સ ઓછી હતી, એમને અમે ભાષાશુદ્ધિની દ્રષ્ટિએ પહેલા સ્થાન આપ્યું છે. અમને મેઈલ કરનાર બધા ભાવકોના અમે આભારી છીએ. આ રીતે જ અમને મેઈલ કરતા રહો અને 'પંખ'ની ઉડાનમાં સહભાગી બનતા રહો, એ જ અભ્યર્થના સાથે, સૌ વાચકમિત્રોને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

**Youtube Channel :- https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg**

**‘ટપકું’**

અર્થ શોધવો હોય તો જ શબ્દકોશ ફેંદવો.
મતલબ તો માનવીના મનમાં જ મળી જશે.

# ગઝલ

નિનાદ અધ્યારુ

બેઠાં-બેઠાં ચિંતા થઇ ગઇ,
મચ્છર માર્યું, હિંસા થઇ ગઇ !
દિલમાં આયાતોની મોસમ,
આંખો ભગવદગીતા થઇ ગઇ.
માણસથી મન મોટું થઇ ગ્યું,
મનથી મોટી ઈચ્છા થઇ ગઇ.
છે કૈં માણસ જેવી ચિંતા ?
કૂતરાની પણ ઈર્ષા થઇ ગઇ !
બગલા કાકા બાવો થઇ ગ્યા,
મચ્છી કાકી શિષ્યા થઇ ગઇ !
વર્તુળ બારા આવો તો કહું,
કોની, કેવી ત્રિજ્યા થઇ ગઇ.
કઈ રીતે સમજાવું એને ?
બોલ્યાં પહેલાં કીટ્ટા થઇ ગઇ !
આંગળીઓને ખોટું લાગ્યું,
અંગૂઠાથી શિક્ષા થઇ ગઇ.
વાંસલડીમાં તાર લગાવ્યાં,
રાધા જાણે મીરાં થઇ ગઇ.
ચાલત, તો એ સામા મળતે,
ખોટે-ખોટી રીક્ષા થઇ ગઇ.
'નિનાદ' એણે હકથી માગ્યું,
મેં માગ્યું તો ભિક્ષા થઇ ગઇ.

# બાળવાર્તા

મનીષા જોબન દેસાઈ

પિંચુક દોડતો અગાસી પર પહોંચ્યો.

“એ ટીટલી, ચાલ જલ્દી... પેલી એડ્વર્ટાઇઝમાં આવે છે ને મોટી પુરી જે આપણા ડાઇનિંગ ટેબલ પાસે ગબડતી ગબડતી આવે, એવી મોટી પુરી મમ્મી તળે છે. પુરીમાં એક નાનું મરચું અને લીંબુ નીચવી ખાવાની કેવી મઝા!”

“પિંચુક, મમ્મીએ કેરીની છીણ સુકાવવા મૂકી છે એ આપીને આવી. તું ગબડતી પુરી હોલ્ડ કરી રાખજે મારા માટે.”

“જો પાંચ મિનિટમાં નહિ આવી તો હું ખાઈ જઈશ.”

ટીટલી એના સુંદર મોઢાને મચકોડતી તોબરો ચઢાવી ગુસ્સામાં બબડતી ભાગી.

“તોબરો ફુલાવી દાદાગીરી ખરી...! હા..હા..હા..”

પિંચુક કિચન તરફ દોડ્યો. થોડીવારમાં તો ટીટલી આવી ગઈ ને ટેરેસ પરથી બુમ પાડી. પિંચુક જલ્દીથી મોટી પુરી લઇ દોડ્યો અને ટેરેસ પર જુવે છે તો ટીટલીની આજુબાજુ મીની મેજીક (બિલાડી)અને ઝકાશ (ગલુડિયું) ગોઠવાઈ ગયેલા.

“લે ટીટલી પુરી ખા. આ બંને ક્યારે આવી ચઢયા?”

“અરે, આ મીની કોઈ બાજુની માંજરી જોડે બાઝી હતી, જેમ તેમ છોડાવી. બાજુમાં આ ઝકાશ ઉભો ઉભો તમાશો જોતો હતો.”

“શું ટીટલી તું પણ હવે, આ ઝીણકા ઝકાશનો હુ કલાસ કે આ વાઘણ કોઈ જોડે બાઝે તો એને છોડાવે..! માંજરીને તો ચોક્કસ લોહીલુહાણ કરી નાખી હશે!”

“હા પિંચુક. માંજરીને તો ગોટાકાકા હોસ્પીટલ લઇ ગયા. ને જો આ તો ટેસથી શરીર તાણી સનબાથ લે છે!”

“તું આ બધી વાત છોડ, આપણી ટિમ આજે મિટિંગ ક્યારે કરવાની છે?”

“આજે સાંજે અહીં ટેરેસ પર જ બધા ભેગા થવાના છે.”

રાત્રે બધા બાળકો અગાસી પર ભેગા થયા. ગિગ્સ આવ્યો અને સાથે જમ્પિંગ જોલી એનાં ઝકાશ ગલુડિયાને સ્ટારવાળો નાઈટડ્રેસ પહેરાવી લાવેલો ને એ ગોળગોળ ફરતો હતો. એમાં આંખમાં લાઈટ જવાથી મીની મેજીક ફૂદી ફૂદીને ઘૂરકવા માંડી. માંડ એને ટાંકી પરના હિંચકે બાસ્કેટમાં ઝૂલવા મૂકી, ત્યાં બેઠી બેઠી આકાશનાં તારા ગણવાની પ્રેક્ટિસે લાગી, તો જરા ગ્રુપને નિરાંત થઇ.

એટલામાં તાળી વગાડીને વિચકેલ વાદળે બધાનું ધ્યાન દોર્યું ,

“મિત્રો, બધા શાંતિથી મારી વાત સાંભળો. તમે બધાએ ઘરે પપ્પામમ્મી પાસેથી ‘બરમ્યુડા-ગેંગ’ વિષે તો જાણ્યું જ હશે. સોસાયટી અને આજુબાજુમાં ચોરી કરતી ન્યુ એસ્ટાબ્લિશ ટોળકી છે. એ લોકો છે આપણી જેમ બધા મિત્રો પણ કામ એ લોકોના કાળા છે. જો તમને માનવામાં નહીં આવતું હોય તો તમે આ બમ્બુ બુટેશને પૂછી જુઓ. એના કાકા કોઈ પોલીસનાં ફ્રેન્ડ છે તે ખબર લાવેલા. આપણી સોસાયટીમાં ચાર ઘરોમાં ઉપરાછાપરી ચોરીઓ થઇ છે અને દરેક વખતે આપણા ચોકીદાર કાકા હથોડાસિંહ એન્ડ ટાઈમ પર ઉંઘમાં ગરકી જતા.અને તપાસ થઇ ત્યારે સ્ટેટમેન્ટ આપેલું કે, ‘ખબર નહીં પણ એ વખતે મને ઘેન ચઢતું અને કંઈ ખબર નહીં પડતી. આવું કોઈ વાર થયું નથી.’”

ત્યાં બગાસું ખાતા ખાતા ગિટાર ગવન,

“આ વળી બરમ્યુડા ગેંગ શું છે?”

“જા તું ઘરે જઈને બાટલીમાં દૂધ લઈને મચ્છરદાની વાળા પલંગમા લાંબો થઇ જા. બરમ્યુડા-ગેંગ ચડ્ડી-બનિયાન-ગેંગનું નવું જનરેશન છે અને શરીર પર સુગંધિત એલોવેરા જેલ લગાવી લેટેસ્ટ ટેક્લોનોલોજીથી ચોરીઓ કરે છે.”

આ સાંભળી હસાહસ શરૂ. ગિટાર ગવન અગાસીનાં ફ્લોર પર આળોટીને હસવા માંડ્યો. એટલામાં વિચકેલ વાદળ ગીન્નાયો,

“જાવ આપણા મિશનની કેપ્ટનશીપ હું નથી કરવાનો...” કહી ઇંગ્લીશમાં બધાને ધમકાવતો દૂર જઈ ઉભો રહી ગયો. એટલે દોડતી જઈને ચીસા ચાલાક એને મનાવવા ગઈ. મોઢું ફુલાવી વિચકેલ વાદળે પાળી પર જોરથી બેસી અધ્યક્ષતા કન્ટિન્યુ રાખી. પણ... આ ધમાલમાં પાળી પરથી નાનું તાજું વાવેલું કુંડુ નીચે પડ્યું ને ઘેલાદાદીનો બરાડો સંભળાયો.

“આ કોણ કાંકરા ફેંકે છે?” બધા ગભરાઈને થોડી વાર ચૂપ થઇ બેસી રહયા. ફરી ગગન ગંભીર બેઠક શરુ થઇ.

“જો ટીટલી તારે આજુબાજુની સોસાયટીમાં તારા જે ફ્રેન્ડ્સ છે એ બધાને ભેગા -તૈયાર કરવાના. અમુક અમુક દિવસનાં અંતરે ચોરી થાય છે.”

"પિંચુક હું બે ત્રણ દિવસમાં મેં ‘બરમ્યુડા કેચર’ વોટ્સઅપ ગ્રુપ સ્ટાર્ટ કર્યું એમાં બધાને જોડી દઉં, એટલે છે ને, ભાગે તો પણ દૂરની સોસાયટીમાંયે ઝડપાઇ જાય. તને તો ખબર કે રજાઈની નીચે રાત્રે આપણા જેવા વિધાર્થીઓ બધા છુપાઈને મોબાઈલ પર ‘કેન્ડી સાગા’ ને ‘ફિશડાયમંડ’ ગેમ રમતા હોય કાં તો યુ -ટ્યુબપર ગીત જોતા હોય.”

“હમણાં તો બ્લ્યુ વ્હેલને કારણે પપ્પા મમ્મી બહુ જ ચેક કરે છે. ટીવી જોતા હોય પણ એ અવાજ વગર જોવું પડે, નહીંતર તરત આવીને મમ્મી બંધ કરાવે.”

પાછી હસાહસ ....

અને આમ મિટિંગ પતવા આવી જ હતી કે ફરી ટીટલીની મમ્મીએ બુમ પાડી. બધા વિખરાઈને આજુબાજુની અગાસી પરથી દાદર ઉતરી ઘરભેગા થઇ ગયા. ટીટલી અને ચીસા ચાલાક વાતો કરતાં કરતાં નીચે ઉતર્યા અને ‘બાય આંટી’ કહેતી ચીસા સામેનાં ઘરે દોડતી પહોંચી ગઈ. એન્ટરન્સ પાસે હેંગીગ પાંજરામાંના સિંગર તોટ્સે મીઠું મધુરું ‘ગુડ નાઈટ’ કર્યું. મીની મેજીક પણ દબાતે પગલે નીચે ઉતરી ગાર્ડનમાંના એનાં બેડરૂમમાં જતી રહી. ઝકાશે આ બધી વાતથી કંટાળીને ટેરેશનાં લેન્ડિંગ પરની રેલિંગને વીંટળાઈ યોગા કરી ઊંઘવાની તૈયારી કરી. સવારમાં બધાએ સ્કુલે જતા રાતનાં નક્કી કરેલા ‘બરમ્યુડા કેચર’ મિશન પર નવી નવી સ્ટ્રેટેજી વિષે વોટ્સઅપ પર વિચારો વ્યકત કર્યા.

દિવસો વીતતાં જતા હતા ને બાળકોને પરીક્ષાની પણ તૈયારી કરવાની હતી સાથે સાથે ‘પ્રાઇવેટ એલર્ટનેસ અભિયાન’ હેઠળ ‘બરમ્યુડા કેચર’ વોટ્સઅપ ગ્રુપ તીવ્ર ગતિએ સંગઠિત થઇ રહ્યું હતું. ટીટલીનાં પપ્પામમ્મી અને ભાઈ લગ્નપ્રસંગે મુંબઈ ગયા હતાં. ટીટલી અને દાદી ઘરમાં અને પિંચુક સાથે બેસી જુના પેપરનું રીવીઝન કરી રહયા હતા.

ત્યાં દાદી, “એલા આ તમે બંને આખું વર્ષ રોજ ધમાચકરડી કરો છો અને હવે મોડી રાત સુધી વાંચવું પડે તે રોજ વાંચતા હોય તો?”

“દાદી અમે ધમાલ નથી કરતા રાષ્ટ્રહિતનું કામ કરીયે છે .આપણી સોસાયટીની સુરક્ષામાં અમારે પણ કંઈ ફાળો આપવાનો કે નહિ? તમે અમને કેવી ભારત દેશની આઝાદીની ચળવળ વખતની વાત કરેલી? બધા ભેગા થઇ શાંત ક્રાંતિ લાવેલા! અમે જરા ધમાલ ક્રાંતિ કરવાના છીએ. આ તો ૨૦૧૭ નું વર્ષ. જરા સ્ટાઇલ બદલાય કે નહીં?”

દાદી રૂમમાં ઊંઘવાની તૈયારી કરવા માંડ્યા. મીની મેજીક ગાર્ડનનાં બેડરૂમમાંથી લાઈટ ચાલુ બંધ કર્યા કરતી હતી તેમાં સામેના પીંજરામાંથી સિંગર તોટ્સે ‘તેરે મેરે બિચમેં કેસા હૈ યે બંધન...’ ગીત ગાવાનું શરુ કર્યું, એટલે બહાર નીકળીને ચીસા ચાલાકે 'શટઅપ તોટસ'ની બુમ પાડી. ટેરેસ પરની પાળી પરથી ઝકાશ ખડખડાટ હસતા વાંઉ વાંઉ ભસવા માંડ્યો

ડાબી બાજુના બંગલામાં આવેલા નવા બે સસલા ગુલ અને ગુલબીયા કુતુહલથી એના કેઇજનું ડોર ખોલી મેઇન ગેટ સુધી આંટો મારી પાછા જંપી ગયા.

પિંચુક થોડી વારમાં ઘરે ગયો. રૂમમાં બેસી ટીટલી પાછી પ્રશ્નપત્રોનું રીવીઝન કરવા મંડી. દાદીની જૂની સ્ટાઇલ પ્રમાણે બંને ચોટલી ડ્રોઅરનાં હેન્ડલ સાથે બાંધી ઊંઘ નહિ આવે એની કાળજી લેતી વાંચતી ગઈ. બહારનાં ફ્રીઝમાં રાખેલું પુડીંગ યાદ આવ્યું તે લેવા ગઈ ને કંઈ ઝીણો અવાજ આવ્યો. નીચેનો હોલ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો ડબલ હાઈટ ફ્લોર ને કારણે. બારીનાં કાચ પાસે બે પડછાયા દેખાયા. જલ્દીથી ગાયત્રી મંત્ર બોલતી ટેરેસ પર ભાગી ને અંદરથી દરવાજો બંધ કરી જોર જોર થી ચીસો પાડી.

“ગોટા કાકા... આ... આ... પિંચુક...”...

ને ધડાધડ બધાની લાઈટો ચાલુ થવા માંડી. પાળી પરથી નીચે જોયું તો બે બરમ્યુડા ગેંગનાં ચોર દરવાજા તરફ ભાગ્યા. મોબાઈલની રિંગો રણઝણવા માંડી. મોટી ફ્લેશ લાઈટ ચાલુ થઇ ગઈ અને સાઇરન પણ વગાડી. ઝકાસ ટેરેસની પાળી પરથી નીચે કૂદકો મારી એ લોકોની પાછળ ભાગ્યો. મીની મેજીક તો અવાજ સાંભળતાની સાથે જ ગેટ પર પહોંચી ગઈ તે એક બરમ્યુડાની સાથે બરાબર બાઝી. પેલો ચોર ગભરાઈ ને નીચે પડી ગયો, ને બીજો ભાગતો હતો તેની પાછળ ઝકાસ, પિંચુક ને એના પપ્પા લાકડી લઈ મેઈન ગેટ પર દોડયા. ત્યાં પેલાં બરમ્યુડાને ઝડપી લીધો. આ બાજુ મીની સાથેનાં યુદ્ધમાં ઉઝરડાયેલો બીજો બરમ્યુડા લગભગ બેહોશ જેવો થઇ ગયો. બધા ભેગા થઇ ગયા અને જલ્દીથી પોલીસને ફોન કર્યો. ને,વૉટ્સઅપ પર વાયુવેગે સમાચાર પહોંચી ગયા. ઝડપી પોલીસ તપાસમાં ગેંગનાં બાકીનાં સભ્યો પણ પકડાયા અને શહેરમાં હાશનું વાતાવરણ થઇ ગયું .

ટીટલીનાં પપ્પા-મમ્મી-ભાઇ તો બહારગામથી આવી એને વળગી રડી પડ્યા અને ખુબ વ્હાલ કરી શાબાશી આપી.

'પ્રાઇવેટ અવેરનેસ અભિયાન’ અને પોલીસ તરફથી ટીટલી-પીંચુકને સ્પેશીયલ માન-ઈનામ આપવામાં આવ્યું અને આખી બાળટીમને બીરદાવવામાં આવી. સ્કૂલોમાં તિતલી- પિંચુકની બહાદુરીના લેક્ચર રખાયા અને રાતોરાત ટીટલી -પિંચુક શહેરમાં અને ટીવી પર ફેમસ થઇ ગયા.

સોસાયટીમાં પરીક્ષા પછી મોટું ડીજે ફંક્શન રખાયું એમાં બધાએ મળી ને ‘હમ હૈ બેસ્ટ... હમ હૈ બેસ્ટ’નું ગીત ગાયું. શાહરુખના ગેટઅપમાં તૈયાર થયેલા પિંચુક અને દાદીનાં ચશ્માં ચઢાવી ટીટલી એ જર્નાલીસ્ટના ગેટઅપમાં પરફોર્મ કર્યું. ઝકાશ અને મીનીને નવા ડ્રેસ સિવડાવી આપ્યા અને બંનેને એનિમલ હોસ્પિટલનાં એસોસિએશનમાં મેમ્બરશિપ મળી. બધા દોસ્તોએ ખુબ ઉજાણી કરી .

બીજે દિવસે સવારમાં બધા બાળમિત્રોને વોટ્સઅપ ગ્રુપ પર એક મોટું સરપ્રાઈઝ મળ્યું. દિલ્હીથી પ્રધાનમંત્રીશ્રીએ શુભેચ્છા મેસેજ મોકલ્યો હતો એનો ફોટો હતો. આખા ગ્રુપને મળવા માટે આમંત્રણ હતું. ગ્રુપમાં આનંદનું મોજું ફરી વળ્યું અને રાત્રે ટેરેસ મિટિંગમાં ધમાલ...ધમાલ...ધમાલ...

# આજની ક્ષણ

પીયુષ ભટ્ટ

ચાલ, આજની ક્ષણને ઝળહળ કરીએ,
ચાલ, આજની ક્ષણને વ્હાલમ જીવી લઈએ,

આ ઉડતાં પેલા પતંગિયાની પાંખે,
આ ગુલાબની સૌ પાંખડીઓની શાખે,
આ ડાળડાળને ફૂલફૂલનાં નાચગાનને નિરખી લઈએ,
ચાલ, આજની ક્ષણને...

આ ખળખળ ઝરણાઓની સાથે,
આ ઉછળકુદ ને ઉડાઉડ સૌ પક્ષીની સંગાથે,
આ પર્વતો પર ચમક ટકમતા ચાંદા તારા ચોરી લઈએ,
ચાલ, આજની ક્ષણને...

આ અંધારાનાં વાદળને તો ઠેલો,
આ અવસર આવ્યો અજવાળાનો પ્હેલો, ,
આ હ્રદય ગોખનાં દીપ જલાવી અક્ષરથી અવતરીએ,
ચાલ, આજની ક્ષણને...



# બે દોસ્ત

ડો. અંકિત પટેલ

“તુ હંમેશાથી સ્વાર્થી રહ્યો છે. તે હંમેશા મંથનને છેતર્યો છે. તે કદીયે એને સાચો માર્ગ નથી દેખાડ્યો.”

“અને તું પણ ક્યાં દુધે ધોયેલો છે! તે પણ ક્યાં એને સાથ આપ્યો છે! તું તો હંમેશા એને લાગણીઓના વહેણમાં ડુબવા માટે છોડી દે છે.”

આ આરોપ-પ્રત્યારોપણ ચાલતું હતું મંથનના બે ખાસ મિત્રો વચ્ચે. આમ તો એ સમગ્ર વિશ્વની દરેક વ્યક્તિના ખાસ મિત્રો છે. એમનાં નામ છે, ‘મન’ અને ‘મગજ’.

દિવનો એ શાંત દરિયાકિનારો. લોકોની પાંખી અવરજવર. ઓફ સિઝન. ઠંડા પવનની લહેરોના મંદ સંગીતના સાનિધ્યમાં દરિયાની લહેરો પોતાની હાજરી પુરાવતી હતી. આ બંન્નેની જુગલબંધીના લીધે જે વિશ્રામનો અહેસાસ રેલાઈ રહ્યો હતો એને અનુભવીને એવું લાગતુ કે જાણે આ બંન્ને પવન અને દરિયાની લહેરો હજારો જોજનો દુરથી આ વિશ્રાંતિના અહેસાસને માણવા આવતા હશે. આ ક્ષણિક અનુભવને માણવા આ બંન્ને કેટકેટલી વેદના સહીને આ ક્ષણભંગુર પળને પામવા ખેંચ્યા આવતા હશે અને કદાચ આનો ચેપ માણસજાતિ ને પણ લાગ્યો હોવો જોઈએ!

મંથનના હાલ પણ કંઈક આવા જ હતા. એક મહિનો થયો નથી કે અનુભવને પોતીકું કરવા માટે ખેંચાઈ આવતો.

છેલ્લા કેટલાય સમયથી તે પોતાની અંદર ખેંચ-તાણનો અનુભવ કરી રહ્યો હતો. મંથનની નિદ્રાધીન અવસ્થામાં આ સંવાદ ચાલી રહ્યો હતો.

“બસ, તને તો આ જ જોઈતુ હોય છે ને. હરવું, ફરવું ને મોજ મજા. જવાબદારી જેવુ તો કંઈ છે જ નહી. બસ જ્યારે ઈચ્છા થઈ ત્યારે આ નીકળી પડ્યા. આગળ-પાછળનુ કંઈ વિચારવાનુ જ નહી.” મગજ આ વખતે ઉગ્રતાથી દલીલો કરી રહ્યુ હતુ.

“અને જાણે તારી તો બધી જ ગણતરીઓ સાચી પડતી હોય એમ તને લાગે છે. તારી જે આ આદત છે ને તેની જ આ સજા ભોગવી રહ્યો છે. જ્યારે જ્યારે તારી ગણતરીઓ ખોટી પડી છે, ત્યારે ત્યારે આની આ જ હાલત થાય છે અને દરેક વખતે હુ તેને ચેતવુ છુ, ઈશારા કરુ છુ. પણ આ મંથનીયો સુધરવાનુ નામ સુધ્ધા નથી લેતો. એટલે તને વિનંતી કરું છુ મગજ, કે તું થોડું સુધર, નહીતો એક દિવસ એવો આવશે કે તુ બધુ જ ખાના-ખરાબી કરી નાખીશ.” મન એ ચિંતાગ્રસ્ત સ્વરે જણાવ્યુ.

“બસ, આ જ તારી નબળાઈ છે દોસ્ત. નાની સરખી બાબતમાં તુ લાગણીશીલ બની જાય છે. જીવનમાં થોડા ઉતાર-ચડાવ આવે કે તુ ચિંતાતુર વાતાવરણ ઉભુ ખરી દે છે. ક્યારે સમજીશ તું કે એ વખતે કપાળમાં કરચલીઓ પાડી એ પરિસ્થિતિના ઉંડા ધરામાં ગરકાવ ન થવાય. એને સમજી વિચારીને યોગ્ય અને નક્કર આયોજન કરીને એ ચિંતારૂપી ખીણમાંથી સફળતાના શિખર પહોચવાના પ્રયત્નો કરવા પડે." મગજે મનની નબળાઈ છતી કરતા પોતાનો તર્ક રજુ કર્યો.

"એ જ તો, સફળતાના શિખર પહોચવા માટેના જે દિવાસ્વપ્ન બતાવી તુ આ સમગ્ર માનવજાતિ જોડે છેતરપિંડી કરી રહ્યો છે, એવુ નથી લાગતુ તને. તારું આયોજન ઝાંઝવાના જળ સમાન સાબિત થતુ હોય છે. એને પામવા માટે દરેક માનવ એવી તે આંધળી દોટ મુકે છે કે તે એને પામી તો લે છે પણ એને માણી નથી શકતો કેમ કે તે વખતે એવી ગણતરીઓની માયાજાળ ઉભી ખરી હોય છે કે માનવ પોતે છેતરાઈ જાય છે અને એ વખતે બૂમો પાડી પાડીને અટકાવતો હોઉ છુ, પણ તેમની આંખોમાં તારી ગણતરીઓ અંકિત થઈ ગઈ હોય છે અને જ્યારે એ લોકો આખા ચક્રવ્યૂહને સમજી લે છે, ત્યારે ઘણુ મોડુ થઈ ગયુ હોય છે” મન એ પોતાનો પક્ષ રજુ કર્યો.



"તને શુ ખબર લા. આ સફળતાનો નશો શુ હોય? આયોજનની સફળતા કેવી હોય? એની જે કીક હોય ને એ તને નહી સમજાય. કેમ કે તુ હંમેશા લોકોને રોદડા રોવડાવે છે. લાગણીઓની આંટીઘુંટીમાં લોકોને ફસાવી રાખે છે. એમને એ જગ્યાએથી બહાર લાવવાની જગ્યાએ ત્યાં જ કેદ કરી રાખે છે. સફળ થવા અને સંપુર્ણ જીવન જીવવા માટે આ લોકો એ મારો સહારો લેવો પડશે, મગજનો.. ધી ગ્રેટ મગજ..." મગજ એ પોતાની સર્વોપરિતા સાબિત કરવા દલીલ કરી.

"એક વાત મને જણાવ દોસ્ત, આ તુ સફળતા સફળતા કરે છે એ તું તારા આયોજન મારફતે મેળવે પછી શુ?" મન એ મગજની ભાષામાં સવાલ કર્યો.

"ખુશ થાઉં, આનંદિત થાઉં, એન્જોય કરું, મજા કરું." મગજ એ ઉત્સાહભેર જવાબ આપતો હતો ત્યા જ મન એ એને અટકાવ્યો.

"પણ ખુશ થવું, આનંદિત થવું, મજા કરવી; આ બધા તો મારા વિષયો છે. તારે તો ફક્ત આયોજન કરવુ, તર્ક કરવો અને ગણતરીઓ કરવી... બસ આ જ કામ કરવાનુ હોય ને..."

"શું મતલબ તારો?" મગજ એ આશ્ચર્ય સાથે પૂછ્યું.

"આપણે બંન્ને એકબીજાના પુરક છીએ. એકબીજા વગર અધુરા છીએ. તારું કામ વ્યક્તિને સફળતા સુધી પહોંચાડવાનું તો મારું કામ એ સફળતાનો ઉત્સવ ઉજવવાનું. તારું કામ નિરાશાની ખીણના અંધારામાંથી આશાની પ્રકાશમા લઈ જવાનુ અને મારું કામ એ અજવાળામાં પણ સાચી દિશા બતાવવાનું. તારું કામ તાર્કિક દલીલો થકી પ્રગતિ કરવાનું અને મારું કામ એ પ્રગતિને યોગ્ય આકાર આપવાનું... જો આપણે બંન્ને એકબીજાના પુરક બન્યા તો આપણે પોતાની ભુમિકા ઉત્તમ રીતે અદા કરીશુ પરંતુ જો હરીફ બન્યા તો બધું ખેદાન-મેદાન થતા વાર નહી લાગે." મન એ આખી વાતનો અર્ક રજુ કર્યો.

"તો પછી ચાલ આપણે બંન્ને ભાઈબંધ બની જઈએ." મગજ એ મનની વાતને સ્વીકૃતિ આપીને દોસ્તીનો હાથ આગળ કર્યો.

બીજા દિવસે મંથન ક્ષણભંગુર ક્ષણોને માણીને અમદાવાદ તરફ આવી રહ્યો હતો, ત્યાં રસ્તામાં એનો ફોન રણક્યો. સામેના છેડેથી ફક્ત એક સલાહ આવી કે, જેટલો માલ હોય એટલો શેરમાર્કેટમાં લગાવી દે, જબરદસ્ત તેજીની સર્કિટ છે, થોડા જ સમયમાં ૩૦ ટકા રિટર્ન મળશે.

આ સંવાદ સાંભળીને મન તરત જ સાવધાન થઈ ગયું અને આનો અમલ કરવાની સખત ના પાડી. અને મગજ?! એણે તરત દલીલ કરી કે આ તો કેલક્યુલેટેડ રિસ્ક છે, કંઈ વાંધો ના આવે....

અને... ફરી પાછુ એ જ શરૂ.......



# મિલકત

ધારિણી સોલંકી

તને ખબર છે?
મારી મિલકતમાં શું છે?
એ બ્લેન્કેટ
જેમાં હજુ પણ
તારી હૂંફ
મને વીંટળાય છે
એ કોફીનો કપ
જેમાં હજું પણ
છલકે છે
તારા હોઠની ભીનાશ
બાલ્કનીમાં બેસવાની
તારી એ જીદ
હજુ પણ
જીદે ચડેલી છે,
તેં રોપેલા
મોગરામાં
અવાર-નવાર
ઉગતાં ફૂલ
આજે પણ
મારા શ્વાસ
મહેકાવે છે
અને
તેં ખરીદેલી
મોંઘીદાટ ખુશીઓ
જેનું કોઈ
વારસદાર નથી

# મિસાલ મિત્રતાની

રીટા મેકવાન

સુકેતુએ કોલેજમાં પ્રથમ ડગ માંડ્યો, એ દિવસ ફ્રેન્ડશીપ ડે હતો. કોલેજ-પ્રાંગણમાં ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધવાની અને ગુલાબ આપવાની મોસમ ખીલી હતી, પૂરબહારમાં. કોલજીયનોમાં એક અનેરો ઉત્સાહ છવાયો હતો. કોલેજમાં આ દિન નિમિતે શહેરના જાણીતા ફિલ્મ નાટ્ય કલાકાર દિલીપસરને મિત્રતા પર વક્તવ્ય આપવા માટે બોલાવ્યા હતા. હોલનો માહોલ એમના શબ્દોથી શોભતો હતો. સુકેતુ હોલમાં દાખલ થયો ત્યારે લેક્ચર ચાલુ હતો.

"સારા નરસા પ્રસંગે જાન છે મિત્રો, ઈશ્વર સ્વરૂપે અવતર્યું વરદાન છે મિત્રો. મિત્રતામાં ઋજુતા હોવી જોઈએ. સગા જયારે વ્હાલા નથી થતા ત્યારે મિત્રો વ્હાલા થાય છે. દોસ્તી વગર જીવન સંપૂર્ણપણે છે અપૂર્ણ. દોસ્તીનો હાથ આપીને તમે પૂર્ણતા આપજો." અને હોલ તાળીઓથી ભરાઈ ગયો. સુકેતુ એ દિલીપસરના આ શબ્દો પોતાના મનમાં અંકિત કરી લીધા અને મિત્રતાના પાઠને જીવનમાં ઉતારવાનો શુભ સઁકલ્પ કર્યો.

સુકેતુએ કોલેજની ઓફિસમાં ફી ભરવા પગ ઉપાડ્યા. કોલેજનો પહેલો દિવસ હતો ફી ભરવાની લાંબી લાઈનમાં સુકેતુ અને ભાગ્યેશ આગળ પાછળ હતા. જેવો ભાગ્યેશનો નંબર ફી ભરવાનો આવ્યો કે કોલેજના કલાર્કે ૭૫૦ રૂપિયા માંગ્યા અને ભાગ્યેશ પાસે ૫૦૦ રૂપિયા જ નીકળ્યા. અને જો આજે ફી નહી ભરે તો એડમિશન રદ થાય તેમ હતું.

એણે કલાર્કને કહ્યું, "કાલે ફી ભરું તો નહી ચાલે? આજે મારી પાસે ૫૦૦ રૂપિયા જ છે."

કલાર્કે કહ્યું, "નહી ચાલે, નિયમ એટલે નિયમ..." અને ભાગ્યેશનો ચહેરો રડમસ થઈ ગયો.

સુકેતુ એ કહ્યું, "દોસ્ત, હું ભરી દઉં છું તારા વધારાના પૈસા. કાલે મને આપી દેજે. આ રહ્યું મારું સરનામું." અને ભાગ્યેશ ની આંખમાં આભારની લાગણી ઝળઝળિયાં સ્વરૂપે ડોકાઈ. બીજે દિવસે બાકીના પૈસા એણે આપી પણ દીધા. અને આમ સુકેતુ અને ભાગ્યેશ કોલેજના પહેલા દિવસથી જ ગાઢ મિત્રો બની ગયા. બંને ના વિચારોમાં ઘણી સામ્યતાઓ હતી. એકબીજાની ગમા-અણગમાની વાતો કરતા મિત્રો બન્યા. સાંજે કોલેજ છૂટવાના સમયે કોલેજના ગેટ પર એક આલીશાન કાર ડ્રાઈવર સાથે આવીને ઉભી રહી.

સુકેતુએ ભાગ્યેશને કહ્યું, "ચાલ દોસ્ત આજે સાથે જ ઘરે જઈશું. તને તારા ઘરે ઉતારી દઈશ. એ બહાને તારું ઘર પણ જોઈ લઈશ." આ સાંભળતા જ ભાગ્યેશ આડું જોઈ ગયો. એની આંખમાં ભીનાશ છવાઈ ગઈ એ સુકેતુ એ જોઈ જોઈ લીધી. સુકેતુએ કહ્યું, "ઓકે, કાલે મળીયે છીએ." અને એ ગાડીમાં બેસી જતો રહ્યો.

સુકેતુ મુંબઈમાં રહેતા ધનાઢ્ય પરિવારનો એકનો એક દીકરો હતો. પિતા રઘુવીર સંઘવી અને માતા સુમિત્રાનો એકનો એક લાડકવાયો દીકરો હતો. માબાપ ધર્મિષ્ઠ અને કર્મનિષ્ઠ. દીકરો પણ આ જ વારસો લઇ જન્મ્યો. પ્રામાણિકતા અને વફાદારી પિતાએ વારસામાં આપ્યા હતા. એ રાત્રે સુકેતુને પોતાના દોસ્તની આંખોની ભીનાશે સુવા ન દીધો.

જયારે બીજી બાજુ ભાગ્યેશ?! એનું ભાગ્ય કોશો દુર હતું. ભાગ્યેશ એક એવો યુવક હતો, કે જેના માબાપે યુવાનીમાં કરેલી ભૂલનું એ પરિણામ હતું. તેને અનાથાશ્રમના દરવાજે મુકીને જ એના માબાપ જતા રહ્યા હતા. એટલે જ સુકેતુની 'ઘર પણ જોઈ લેવાશે', એ વાત થી એની આંખો ભીની થઇ ગઈ હતી.

સમય જતાં સુકેતુને બધી જ વાત ભાગ્યેશે જણાવી છતાં એમની દોસ્તીમાં કોઈ ફર્ક ન આવ્યો. પણ સુકેતુ તો વધારે ગહેરાઈથી દોસ્તી નિભાવવા લાગ્યો. સુકેતુ કોલેજના બીજા વર્ષે નીતાના પરિચયમાં આવ્યો. કોલેજના વાર્ષિકોત્સવ વખતે મિત્રો બન્યા. નીતા મધ્યમવર્ગીય પરિવારની સંસ્કારી દીકરી હતી. ભણવામાં હોશિયાર હતી. ધીમે ધીમે દોસ્તી પ્રેમમાં પરિણમી. સુકેતુએ નીતાની ઓળખાણ ભાગ્યેશ સાથે કરાવી અને પ્રેમની પણ વાત જણાવી. ત્રણે જણા સારા મિત્રો બની ગયા. જ્યાં જાય ત્યાં ત્રિપુટી સાથે જ હોય. જોતજોતામાં ત્રણ વર્ષ પુરા થઇ ગયા. ત્રણેય ફર્સ્ટક્લાસ આવ્યા.

સુકેતુ પિતાના ધંધામાં જોડાઈ ગયો. નીતા સાથે માબાપની સંમતિથી લગ્નગ્રંથિથી પણ જોડાઈ ગયો. ભાગ્યેશે નક્કી કર્યું કે એ લગ્ન નહી કરે. એણે અનાથાશ્રમમાં જ મેનેજર તરીકે નોકરી કરવાનું મુનાસીબ માન્યું અને અનાથ બાળકોને ભણાવવાનો ભેખ ધર્યો. સમય ઝડપથી પસાર થતો રહ્યો .અનાથાશ્રમથી થોડે દુર વૃદ્ધાશ્રમનું નિર્માણ થઈ રહ્યું હતું. પાંચ વર્ષમાં ઘણા તરછોડાયેલા વડીલો ત્યાં આવી આશરો લેવા લાગ્યા. ભાગ્યેશ ઘણી વાર આવા વૃદ્ધોની મુલાકાત લેતો હતો. એમની વ્યથા ને કથા સાંભળતો હતો. બસ નિજાનંદમાં જ પોતાનું જીવન એ વ્યતીત કરવા લાગ્યો.

સમય વહેતો રહ્યો. સુકેતુના મા-બાપ જાત્રા કરવા ગયા અને અકસ્માતમાં પાછા ન આવ્યા. સુકેતુને ખુબ દુખ થયું ભાગ્યેશ આવીને મળી ગયો. હવે મળવાનું ઓછું થતું. ભાગ્યેશના શિરે અનાથાશ્રમની ઘણી જવાબદારી હતી. સાત વર્ષના વહાણા વહી ગયા. છતાં સુકેતુને નીતા માતા-પિતા ન બની શક્યા. મા-બાપના મૃત્યુથી હવે જીવનમાં એકલતા અને સુનકાર વ્યાપી રહ્યો. બંને સમજુ હતા. દુ:ખી હતા, છતાં પણ એકબીજા સાથે આ બાબતે ચર્ચા કરવાનું ટાળતા હતા. સંતાનની ઝંખના હતી. પણ ઈશ્વરે એમના નસીબમાં સંતાન-સુખ લખ્યું નહોતું. શેર માટીની ખોટ હતી. નીતા કદી પણ મા નહી બની શકે એવું તબીબી નિદાન હતું. ડોક્ટરના નિદાન પછી બંને જણની સ્થિતિ કફોડી બની ગઈ છતાં વાસ્તવિકતા સ્વીકારી લીધી.

બંને જણા બાળક દત્તક લેવાના દ્રઢ નિશ્ચય સાથે ભાગ્યેશના અનાથાશ્રમમાં આવ્યા. ભાગ્યેશે બંનેને આવકાર્યા. પહેલીવાર અનાથાશ્રમમાં આવેલા દોસ્ત-દંપતીને પ્રેમથી પોતાના રૂમ પર લઈ ગયો. ત્રણે જણ સાથે જમ્યા. પછી પોતાના અનાથ બાળકોની ઓળખાણ કરાવી. એમાંથી એક ૨ વર્ષના છોકરાને પસંદ બંને જણાએ કરી દત્તક લેવાનો નિર્ણય કર્યો. કાનૂની કાર્યવાહી કરીને બાળકને પોતાના ઘરે લાવ્યા. બાળકના આવવાથી બંગલામાં રોશની આવી તો નામ પણ દીપક રાખ્યું.

સમય વીતતો ગયો. દીપકને મોટો કરવામાં બંને જણ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. સારા સંસ્કાર આપવા લાગ્યા. દીપક પણ માતા પિતા સાથે તોફાન-મસ્તી કરતો મોટો થતો ગયો. તેની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી રહી. ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહ લઈને એ-વન ગ્રેડ પ્રાપ્ત કરી મેડીકલમાં પ્રવેશ મેળવી લીધો. ખુબ જ હોશિયાર એવો 'દીપક' જોતજોતામાં 'ડૉ દીપક' બની ગયો. માબાપની જાણ બહાર જ એ પોતાની સાથેજ ભણતી દિપાલી સાથે લગ્નગ્રંથીથી જોડાઈ ને માબાપને પગે લાગવા આવ્યો, ત્યારે સુકેતુ અને નીતા આઘાતથી દિગ્મૂઢ થઈ ગયા. પહેલી વાર એમના દિલમાં કઈંક ખટક્યું. દિપાલી દેખાવમાં અને ભણવા માં ખુબ હોશિયાર હતી, પણ પૈસાદાર પિતાની અભિમાની દીકરી હતી. માતા ૫ વર્ષની દિપાલીને મુકીને મૃત્યુ પામી હતી. પિતા એ પોતાની દીકરીને ખુબ લાડ લડાવીને મોટી કરી હતી. રૂપ અને પૈસા તથા કોઈની રોકટોક નહિ હોવાને કારણે દિપાલી તોછડી અને અભિમાની બની ગઈ હતી.

દીકરો અને વહુ સવારથી જ નીકળી જતા અને રાત્રે મોડા આવતા. સમય વહેતો ચાલ્યો.. સુકેતુ અને નીતા પર હવે ઉમરની અસર થવા લાગી.

એકવાર સાસુ નીતાએ વહુ દિપાલીને કહ્યું, "બેટા તું અમને ઘરમાં કંપની આપી શકે? નોકરચાકર તો છે જ ,પણ અમને દીકરી નથી. તો તો તું દીકરી બની થોડો સમય આપશે તો અમને ગમશે." આ સાંભળતા જ દિપાલી નો મિજાજ છટક્યો. એણે સાસુને તો કંઈ કીધું નહી, પણ એ રાત્રે દીપકને કહ્યું કે, "આ ઘરમાં હું રહીશ અથવા તારા માતાપિતા." દીપકે પૂછ્યું કે, "શું થયું?" તો એણે કહ્યું કે, "તારી મા મને એની સાથે રહેવાનું કહે છે. કંપની આપવાનું કહે છે. હું તારી માની ગુલામ નથી. હું નહી રહી શકું આ ઘરમાં. હું જાવ છું મારા માતાપિતાની પાસે." દીપકે એને પ્રેમથી કહ્યું, "તું શું કામ જાય છે? મારા માતા પિતા જ જશે આ ઘરમાંથી."

અને બીજા દિવસે સવારે દીપકે માબાપની બેગ ભરી તૈયાર કરી. પિતાએ પૂછ્યું કે, "બેટા અમે ક્યાં જઈએ છીએ?" તો એણે કહ્યું કે, "તમે અહી નહી રહી શકો. હું તમને નજીક જ આવેલા વૃદ્ધાશ્રમ માં મુકવા જઈ રહ્યો છું. તૈયાર થઈને નીચે ગાડીમાં આવીને બેસો."

સુકેતુ અને નીતા બંને સ્તબ્ધ થઈ ગયા. અચાનક આ શું થઈ ગયું? પણ બંને એ કારણ પણ ના પૂછ્યું અને તૈયાર થઈને નીચે આવી ગયા.

અનાથાશ્રમથી થોડે દુર જ વૃદ્ધાશ્રમ હતો. અનાથાશ્રમ પાસેથી ગાડી પસાર થઈ, ત્યારે સંજોગોવસાત ભાગ્યેશ વૃધાશ્રમ ના દરવાજે જ ઉભો હતો. અને વૃદ્ધાશ્રમ માં કોઈ વડીલને દવા આપવા જઈ રહ્યો હતો. એણે દુરથી સુકેતુ અને નીતાને જોયા . પાછળથી દીપક અને દિપાલી ગાડી માંથી ઉતર્યા. સુકેતુ અને ભાગ્યેશની નજર મળી. બંને જણા દોડીને એકબીજાને ભેટી પડ્યા. દીપક અને દિપાલી પણ ત્યાં આવી પહોચ્યા. તેમની સામે જ સુકેતુએ હસતા-હસતા અશ્રુ છુપાવતા ભાગ્યેશને કહ્યું, "દોસ્ત, આજે મારો દીકરો મને વૃદ્ધાશ્રમમાં મુકવા આવ્યો છે. હું અને નીતા હવેથી અહીજ રહીશું." જયારે પહેલીવાર કોલેજમાં મળ્યા ત્યારે ભાગ્યેશની આંખમાં ભીનાશ હતી, આજે વર્ષો પછી સુકેતુની આંખમાં ચોમાસું બેઠું.

ભાગ્યેશે દીપકને કહ્યું, " બેટા આ તું શું કરી રહ્યો છે, તને ખબર છે?" તો એણે તોછડાઈથી કહ્યું, "અમે એમની સાથે નહી રહી શકીએ." ત્યારે ભાગ્યેશે જીવનમાં પહેલીવાર કોઈની ઉપર હાથ ઉપાડ્યો. દીપકને કહ્યું, " જે માબાપે તને આ સામે દેખાતા અનાથાશ્રમમાંથી લાવીને તને કુળદીપક બનાવ્યો, એને તું આજે વૃદ્ધાશ્રમમાં મુકવા આવ્યો? દીપક અને દિપાલી સ્તબ્ધ થઈ ગયા. ભાગ્યેશે કહ્યું, "હા બેટા. તું અનાથ હતો, તું કોઈની ભૂલનું પરિણામ હતો, ત્યારે તારા આ મા-બાપ તને પોતાનો સગો દીકરો બનાવી ઘરમાં લાવ્યા ને પોતાનો વારસદાર બનાવ્યો. તું એમની મિલકતનો વારસદાર બન્યો, પણ તેમના સુવાસિત સંસ્કારનો વારસદાર ના બની શક્યો.

દીપક અને દિપાલી ને ભૂલ સમજાઈ, પણ હવે ખુબ મોડું થઇ ગયું હતું. સુકેતુ અને નીતાએ પોતાની જિંદગીનો શેષ સમય વૃદ્ધાશ્રમમાં જ વિતાવવાનું નક્કી કરી લીધું હતું.



# અછાંદસ

રાજુલ ભાનુશાલી

1)
એ મા ની આંખો
ત્યારે
કારણ વગર તરલ થઈ જાય છે!
જ્યારે,
શહેરમાં રહેતા દિકરાની આંખો
પિત્ઝાના રોટલાની કોરપર આંગળાની છાપ જોવા મથે છે..!

2)
આજે આઠવાળી ગાડીનું રિઝરવેશન હતું,
મા ભાતું બનાવી રહી હતી.
એ ચુપચાપ રાંધણીયામાં જઈને ઉભો રહ્યો..
"અબઘડી થઈ જાશે હો ભઈલા" બોખું મોં બોલ્યું.
અને
કરચલીવાળા હાથ ઝટપટ ચાલવા લાગ્યા..
એ
હસીને બહાર નીકળ્યો,
ને
ઝડપભેર
હાથમાં પકડી રાખેલી
કાચની શીશીનું બુચ બંધ કરી દીધું..
ઝડબેસલાક!
રખેને
એક પળનોય વિલંબ થાય
અને
શીશીમાં પેસી ગયેલી,
માના હાથે શેકાતા રોટલાની સુગંધ
પાછી વળી જાય..!

# દેવનું દીધેલ

ઉમા પરમાર

સોનલથી લાંબો નિસાસો નંખાઈ ગયો. ફરીવાર કૂંપણ ફૂટવાની આશા ઠગારી નીવડી. હવે તો એ ટેસ્ટ કરાવીને પણ થાકી. બધું જ તો નોર્મલ હતું. એને થયું, એ આ મોટી ગાયનેક હોસ્પીટલમાં જ બેસી રહે અને ઘરે ન જાય, જઈને કરવાનું પણ શું?

ફરી એનું એ જ સાંભળવાનું, એ જ મોઢા જોવાના, એ જ નીરવનું વર્તન સહન કરવાનું...

શારીરિક કરતા માનસિક થાક વધુ લાગતો હતો હવે. એણે નીરવને કેટલીય વાર કીધું કે ડોકટરે તેને પણ ટેસ્ટ માટે બોલાવ્યો છે પણ એ કદી એ માટે તૈયાર થતો નહોતો. એ થોડા ઉદાસ મને પાછી ઘરે ફરી.

સાંજે ડાઈનીંગ ટેબલ પર જમતી વખતે તેના સાસુ હંમેશની આદત મુજબ તેને બોલવા લાગ્યા. એ નીચું જોઇને આંખમાં ધસી આવેલા આંસુ રોકીને પીરસી રહી. એના સાસુનું બોલવાનું વધી ગયું.

“મમ્મી, બસ કર હવે.. મેં નિર્ણય લઇ લીધો છે કે બાળક દત્તક લેવું. અને આ મારો અફર નિર્ણય છે. કાલથી એની કાર્યવાહી હું શરુ કરીશ.”

“પણ બેટા, આપણું પોતાનું બાળક હોય...”

“મમ્મી, બાળક હર હાલમાં દેવનું દીધેલ હોય છે, પછી એ ભલે ગમે તેનું હોય...” નીરવે એના મમ્મીની દલીલ વચ્ચેથી જ ફગાવી દીધી.

મમ્મી અવાક! અને સોનલ આશ્ચર્યથી નીરવને તાકી રહી. કોઈ કશું બોલ્યું નહિ. રાત અજંપામાં આટોપાઈ ગઈ. સોનલ કે નીરવ કંઈ વાત જ ન કરી શક્યા.

નીરવ ઓફીસ ગયો. બધું કામ પતાવી એ કબાટમાં કપડાં મૂકી રહી હતી, ત્યાં જ એની નજર વચ્ચે દબાવેલા લેબોરેટરીના કવર પર પડી. એણે કુતુહલવશ એ ખોલ્યું.

નીરવનો ટેસ્ટ રીપોર્ટ બતાવતો હતો કે, તે ક્યારેય પિતા બની શકે એમ નહોતો.

# ગઝલ

શૈલેષ પંડ્યા 'નિશેષ'

એમ એ  ઉભા  છે પ્હેરી ઘરચોળું,
હું બેઠો હૈયે ઉછેરી ઘરચોળું.

રાત આખી ચાંદ ઓઢીને આવી,
ચાંદનીમા જાણે વેરી ઘરચોળું.

સ્પર્શ એ રીતે મુકી ગ્યા શ્વાસોમા,
લ્યો, હથેળીમાં ઉમેરી ઘરચોળું.

રાત નાગણ થઈને ડંખે છાતીએ,
અંગ ભીંસે કેવું ઘેરી ઘરચોળું.

ચાર કાંધે એ સુતુ  સન્નાટો થઈ,
શ્વાસના તારાને ખેરી ઘરચોળું.

હાથ જોડી સૌ ઉભા થયા એ રીતે,
ઘરનું મારા બસ વિખેરી ઘરચોળું.

# દિવાળીની ગીફ્ટ

પૂર્વી બાબરિયા

લગ્ન પછી પહેલી દિવાળી હતી તોય પિયર જવાને બદલે આશા બા પાસે ગામડે ગઈ. આશિષ પછી આવશે ત્યાં સુધી પોતે અહી રોકાશે, એ બા ને ગમ્યું.

આશાએ આવતાવેંત જ બધુ સંભાળી લીધું. સાફસફાઇ કરતા એને એક થેલી હાથ લાગી, જેમાં આશિષને કોઈ છોકરીએ લખેલા પત્રો હતાં. જેમ જેમ પત્રો વાંચતી ગઇ એમ પોતાના સપનાનો મહેલ જમીનદોસ્ત થતો ગયો. પત્રમાં લખ્યું ‘તું કે,

“તું જ મારી પત્ની. આવનારી તો માત્ર ઉપવસ્ત્ર જ બની રહેશે…”

આશાનો દિવાળી નો આનંદ ગુમ! બા બોલ્યા,

“વહુ માળીયામાં એવું તે શુ મળ્યું કે આટલી વાર લાગી?”

આશા વિચારી રહી,

મળ્યું તો કાંઇ નહીં, બસ બધું ગુમાવ્યું.

# સાઇકલવાળો

અનુશ્રી મોદી

માઉન્ટ આબુમાં ફરતાં ફરતાં આરતી નકી તળાવ પાસે ટોળું જોઇને ઉભી રઇ ગઇ. તેની પાછળ તેની ૧૦ વર્ષની નાનકડી સીમા અને પતિ મીત પણ ઉભા રહી ગયાં.

ટોળામાં એક સાઇકલવાળો સાઇકલ પર જૂદા-જૂદા ખેલ બતાવી રહ્યો હતો. ક્યારેક એ સાઇકલની સીટ પર ઉભો રહી જતો તો ક્યારેક સાઇકલને એક હાથે સીધો ઉપાડી લેતો. જાતજાતના ખેલ કરી રહ્યો હતો એ સાઇકલની સાથે અને સાથેસાથે જૂનાં હિન્દી ગીતો પણ વગાડી રહ્યો હતો,

"જિંદગી હસકે બિતાયેંગે, હાલે દિલ ગાકે સુનાયેંગે..."

નાનકડી સીમાને તો મજા પડી ગઇ. આરતી અને મીત પણ સાઇકલવાળાની કરામત જોઇ રહ્યાં. ખેલ પૂરો થયો અને પેલો સાઇકલવાળો બધા પાસે ડબ્બો લઇને આવ્યો. ડબ્બાપર સુંદર અક્ષરે લખ્યું હતું - PLEASE HELP.

આરતી બે મિનીટ થોભી અને પછી ૫૦૦ની નોટ કાઢીને ડબ્બામાં મૂકી દીધી. મીત કશું બોલ્યો નહી. સાઇકલવાળો આભારવશ બનીને જોઈ જ રહ્યો. સાઇકલવાળાએ નાનકડી સીમાને માથે હાથ મૂક્યો અને આરતી ને મીત સામે હાથ જોડી આગળ વધ્યો. તેની સાથે તેના રેડિયોમાં વાગતું ગીત પણ ધીમું ધીમું સંભળાયું,

"મુસાફિર હો યારો..."

"આરતી...."

"હા મીત!"

મીતના પૂછવા પહેલાજ જાણે એનો પ્રશ્ન સમજી ગઇ હોય એમ આરતી કહેવા માંડી...

"ચાલો તમને બંનેને એક વાર્તા કહું. મીત તમારો જવાબ આ વાર્તામાં જ છુપાયેલો છે..."

અને નકી તળાવની એ પાળી પર બેઠેલી ૩૦ વર્ષની આરતી ક્યારે ૧૫ વર્ષની બની સુરતના ગોપીપુરાના ટેનામેન્ટની યાદોમાં ખોવાઇ ગઇ એનો એને ખ્યાલજ ના રહ્યો.

સ્કૂલેથી આવેલી આરતીએ એક તરફ દફતર ફેંક્યું અને બીજી તરફ ગળામાં ભેરવેલી વોટરબેગ. ત્યાંજ એને અવાજ સંભળાયો.

"સાઇકીલ કી કરામત દેખો.
બંદેકી તાકત દેખો.
પાંચ દિનકી ચેલેન્જ.
સાઇકીલ પે રહુંગા.
સાઇકીલ પે સો જાઉંગા.
સાઇકીલ પર સે ઉતરુંગા નહી."

અને સાઇકલ ફેરવતો ફેરવતો એ સાઇકલવાળો ટેનામેન્ટના બરાબર વચ્ચે આવીને ઉભો રહ્યો. થોડી જ વારમાં બધા લોકો ભેગાં થઇ ગયાં. આરતી કુતુહલતાથી એ સાઇકલવાળાને જોઇ રહી.

પાંચ દિવસ હું સાઇકલ પર રહીશ દોસ્તો.
ઉતરી ગયો તો ચેલેન્જમાં હાર સ્વીકાર.
ને પાર ઉતર્યો તો તમારું દિલ જીતી લઇશ.
અને એના પાસે રહેલા ટેપ-રેકોર્ડરમાં ગીત વાગી રહ્યું,
"હસતે હસતે કટ જાયે રસ્તે... ઝીંદગી યુંહી ચાલતી રહે..."

એ દિવસથી એ કમ્પાઉન્ડમાં બરાબર વચ્ચે સાઇકલ પર બેસી ગયો. એનો પાંચ વર્ષનો નાનકડો છોકરો સાઇકલની આસપાસ ગોળગોળ ફરી રહ્યો હતો.એની પત્ની એનો ઉત્સાહ વધારવા એની બાજુમાં ઉભી રહી ગઇ. સમય વીતતો ગયો. આકાશમાં સૂરજ તપી રહ્યો. પણ પેલો સાઇકલવાળો તો સાઇકલ ઉપર જ રહેતો.

રાત પડી પણ સાઇકલવાળો તો ટસનો મસ ના જ થયો. ધીમે ધીમે લોકોને નવાઇ જાગી. લોકો સવાર-સાંજ-રાત જમવાનું આપી જતા. આખો દિવસ એ સાઇકલ પર જ રહેતો. વચ્ચે વચ્ચે સાઇકલ પર ખેલ પણ બતાવતો.પણ સાઇકલ પરથી ઉતરતો નહી.

"મમ્મી, હવે તો આવા સાઇકલવાળા કેમ નઇ આવતા!" નાનકડી સીમાના પ્રશ્નથી આરતી એકદમ ભૂતકાળમાંથી વર્તમાનમાં આવી ગઇ.

"બેટા! એ જમાનો અલગ હતો. લોકો આવો શારીરિક શ્રમ કરી મનોરંજન કરી પૈસા કમાતા અને લોકોને આવું મનોરંજન ગમતું. પણ હવે એ દિવસો નથી રહ્યા..

"પછી શું થયું મમ્મી...?!"

આરતીએ વાત આગળ વધારી.

અમને બધાને નાના બાળકોને એ સાઇકલવાળા સાથે બઉ મજા આવતી. એમને જમવાનું આપવાનું, પાણી આપવાનું. એની સાથે રમવાનું, એના છોકરા સાથે રમવાનું અને એના રેડિયો પર કાયમ સરસ મજાના ગીતો સાંભળવાના... લોકો હવે એને માનથી જોવા લાગ્યા હતા. લગભગ ચાર દિવસ વીતી ચૂક્યા સાઇકલ પર. હવે છેલ્લો દિવસ હતો, પાંચમો દિવસ.. ભયંકર ગરમી હતી એ દિવસે. બિચારા એ સાઇકલવાળાને ગરમીમાં સખત તાવ આવી ગયો. નાક માંથી લોહી પણ નીકળી ગયુ પણ એણે સાઇકલ પરથી ઉતરવાનો વિચાર સુધ્ધા ના કર્યો. સૌ કોઇએ એને બઉં સમજાવ્યું પણ એ અડગ રહ્યો...

"અંકલ તમે આવું શા માટે કરો છો?" નાનકડી આરતીએ રમતાં રમતાં પૂછ્યું.

"બેટા, મારો આ દિકરો બોલી નથી શકતો. એના ઓપરેશન માટે પૈસા ભેગા કરવાના છે! બસ મારા દિકરા માટે આ કરું છું".

અને કાયમ હસતા-હસાવતા ગીત ગણગણતા એ સાઇકલવાળાની આંખમાં આરતીએ પહેલીવાર આંસું જોયાં. નાનકડી આરતીએ જયારે બધાને આ વાસ્તવિકતા જણાવી ત્યારે સૌ કોઈ ની આંખ મા આંસુ આવી ગયા અને સાઇકલવાળા માટે માન બમણું થઇ ગયુ. બધાએ એને દિલ ખોલીને પૈસા આપ્યા. હસતો હસાવતો એ સાઇકલવાળો પોતાની બીજી મંજિલ તરફ નીકળી પડ્યો. એના રેડિયોમાં ત્યારે ગીત વાગી રહ્યું,

"જીવન ચલને કા નામ..ચલતે રહો શુભહ શામ...."

આજે આ સાઇકલવાળા ને જોઈને મને એ સાઇકલવાળો યાદ આવી ગયો ને એની મજબૂરી પણ.

આરતી બોલી રહી.

નકી તળાવની પાળી પર બેઠેલાં આરતી, મીત અને સીમા પણ ડૂબતા સૂરજની સાથે પક્ષીઓને પોતાની મંજિલ તરફ જતાં જોઇ રહ્યાં.

# ગઝલ

સિદ્દીક ભરૂચી

ઇશ્કના દરિયે,સૂરજ ડૂબતો જોયો છે,
તારી ભીતર શ્રધ્ધા કરતો જોયો છે.

રાતે ચાન્દ, સિતારાને હરખાતાં જોઈ,
સૂરજને મહેફિલમાં બળતો જોયો છે.

ટેન્કો, તોપો, યુધ્ધો, લશ્કર વચ્ચે 'બાળ',
હાથો જોડી મા..મા.. ક્હેતો જોયો છે.

એક ખુણામા ઘરની અંદર લજ્જાની,
આંખે ગમના જામ છલકતો જોયો છે.

ઘરમાં વ્હેલા સૌનું મળસ્કુ થૈ જાતું,
એક સૂરજને પારણે ઉગતો જોયો છે.

દુશ્મન કરતાં દોસ્તની આદત સારી છે,
મતલબથી મેં જ્યાં-ત્યાં મળતો જોયો છે.

ગણિત અને વિજ્ઞાન શીખવતા શિક્ષકને,
કંટાળ્યો તો પી.ટી.શીખવતો જોયો છે.

'સિદ્દીક' પુસ્તક રૂપે પ્રગટે એ પહેલાં,
ફેસબુક પર મેં ખુદને ફરતો જોયો છે.

# આંખોનું રતન

દિલીપ વી ઘાસવાલા

ડૉ ચિંતને બેલ દબાવ્યો, ને કહ્યું, "નેક્સ્ટ?"

કેબીનમાં એક વૃદ્ધ દાખલ થયા. એમને જોતા જ ચિંતન ખુરશીમાંથી ઉભો થઇ ગયો. "દા તમે? કપિલદા ક્યાં હતા આટલા વર્ષો? એની આંખમાં ઝળઝળિયાં આવી ગયા.

કપિલદાએ કહ્યું, "જો આવી ગયો ને? મેં કહ્યું હતું ને કે મારી જરૂરિયાત ઉભી થશે એટલે સામે ચાલી ને આવીશ. મોતિયાની સારવાર તો મારે તારી પાસે જ કરાવવાની ને મારા દીકરા?" ચિંતનને જોઇને એમની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયા. આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા અને કપિલદા ૨૫ વર્ષ પહેલાના સમય ખંડમાં પહોંચી ગયા.

સવારનો સમય હતો. કપિલદા રાબેતા મુજબ ગણેશજીના દર્શન કરવા ગયા હતા. તેઓ પરત ફરતા હતા અને ગાડીમાં બેસી ને હજુ જવા જ જતા હતા ત્યાં એમની કારના કાચ પર ટકોરા પડ્યા. એમણે કાચ ઉતારી જોયું તો એક અંધ બાળક ફૂલનો હાર લઇ ને ઉભો હતો. એની એક અંધ આંખમાં આર્દ્રતા અને બીજી માં અમી હતી. અને નિર્દોષ ચહેરો બોલી ઉઠ્યો." સાહેબ હાર લઇ લ્યો ને ? ૧૦ રૂપિયા નો જ છે."

કપિલ દા એ ગજવામાંથી ૧૦ રૂપિયા કાઢીને એને આપી દીધા અને કાચ ચડાવવા જતા હતા, ત્યાં ફરી ટકોરા પડ્યા..

"શું છે હવે?"

"હાર તો લઇ જાઓ..."

"હાર લઇ ને શું કરું? મંદિર તો જઈ આવ્યો. તું રાખ તારી પાસે. બીજાને વેચી દેજે..."

"તમારા ઘરે મંદિર નથી?"

"છે ને..."

"તો ઘરના ગણેશજીને ચડાવજો. સાહેબ... હું ભલે અંધ રહ્યો, પણ હું ભીખ નથી માંગતો."

"શું નામ છે તારું?"

"ચિંતન." અને એ બીજી કાર તરફ હાર વેચવા દોડી ગયો.

કપિલદા ઘરે પહોચ્યા. એમની પત્ની ની સારવાર તેઓ જાતે જ કરતા. એમની પત્ની હેમા છેલ્લા પાંચ વર્ષથી કોમામાં હતી. સેરેબ્રલ હેમરેજ થયું હતું. વધુ પડતા ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરના કારણે અને દવા નહિ લેવાની ટેવના કારણે ગંભીર માંદગીમાં પટકાઈ ગયા. ડોક્ટરોએ એમને 'બ્રેઈન ડેડ' જાહેર કર્યા હતા. ઘરે આવી ને એમણે ગણેશજીને હાર ચડાવ્યો. રાબેતા મુજબ બે કપ ચા લઈને હેમા પાસે આવ્યા અને વાતો કરવા લાગ્યા. એટલામાં એમનો મિત્ર સલીમ આવ્યો. એમને આશ્ચર્ય થયું કે કપિલ દા કોની સાથે વાત કરે છે?

એણે પૂછ્યું, "દા કોની સાથે વાત કરો છો?

દાએ કહ્યું, "હેમા સાથે."

સલીમે કહ્યું કે, "એ તો સમજતા જ નથી તો શું કામ વાત કરો છો? એ જવાબ થોડા આપવા ના છે? અને રોજ સમયસર તમે બે ચા કપ લઇ ને આવો છો પણ એને તો સમજ પણ પડતી નથી તમારા આ પ્રેમની..."

કપિલદા એ કહ્યું, “ગાંડા... એને ખબર નથી પડતી પણ મને તો ખબર પડે છે ને ?” અને પછી એમણે મંદીરમાં ચિંતન ની મુલાકાત થઇ તે વાત કરી.

સલીમે એક સુઝાવ આપ્યો, “ભાભીને વધુ રીબાવા દેવા નહિ જોઈએ એમના અંગોનું દાન કરી ભાભીને અન્ય વ્યક્તિના શરીરમાં જીવતા રાખવા જોઈએ.”

કપિલદાને આ વાત સાચી લાગી. અને એમણે હેમાના અંગ દાન આપવાનું નક્કી કર્યું. આંખો માટે તેમની સમક્ષ ચિંતનનો ચહેરો તરવરી ઉઠ્યો અને બીજે દિવસે તે ચિંતન ને ઘરે લઇ આવ્યા. એની કથની જાણી.

એના માબાપ કોણ છે તેની તેને જ ખબર નહોતી. કચરા પેટી પાસે કોઈ કઠોર અથવા મજબુર જનની તાજો જન્મ આપીને છોડી ગઈ હતી અને કચરાપેટીની સામે જ રહેતા રહીમ ચાચા એ એને ઘરે લઇ જઈને ઉછેર કર્યો હતો. એ પોતે નિ:સંતાન હતા. અને એક દિવસ દિવાળીની રાતે જ ફૂટેલા ફટાકડામાંથી દારૂગોળો કાઢી ને એક કાગળમાં ભેગો કરીને ફોડવા જાય છે અને ફટાકડાનો તણખો એની બન્ને આંખમાં પડે છે અને એ અંધ બની જાય છે. ગરીબ રહીમ ચાચા પાસે પૈસાના અભાવે સારવાર નહોતા કરાવી શક્યા. અને એમણે મંદીરમાં જઈને ભીખ માંગવા કરતા એને ફૂલોના હાર બનાવવાનું શીખવી ને પોતાના પગ પર ઉભા રહેવાના સંસ્કાર આપ્યા હતા.

ચિંતન ની વાત સાંભળીને કપિલદાએ નક્કી કર્યું કે એ હેમાની આંખો ચિંતનને દાન કરશે. ચિંતનને નવી દ્રષ્ટિ મળી એટલું જ નહી, પણ એની શિક્ષણની પણ તમામ જવાબદારી એમણે ઉપાડી લીધી. આમ એમણે કીડની અને આંખોનું દાન કરીને એમની પત્નીને જીવીત રાખી. ચિંતન ભણવામાં ખુબ હોશિયાર નીકળ્યો અને શહેરનો જાણીતો આંખનો ડોક્ટર બની ગયો..કપિલદાનો પુત્ર તથાગત અમેરિકામાં સ્થાયી હતો. એટલે તેણે હેમાના અંગદાન પછી કપિલદાને અમેરિકા બોલાવી લીધા હતા..

એમની આંખોમાં મોતિયો આવવાથી તેઓ ખાસ આજે ઓપરેશન કરાવવા ચિંતન પાસે આવ્યા હતા. ચિંતન અને કપિલદા એકબીજા ને જોઇને ભેટી પડ્યા. તેમની આંખોમાં આજે ચોમાસું બેઠું હતું.

કપિલદાએ ચિંતનનો ચહેરો પોતાના હાથમાં લઇ લીધો અને એની આંખોમાં એમને હેમાની આંખો દેખાઈ, જાણે કહેતી ના હોઈ કે, “હું હજુ જીવું છું. જાવ મારા માટે ચા લઇ આવો.”

એ હસતા હસતા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને ચિંતન ને એટલું જ કહ્યું, “દીકરા તું મારો માનસ પુત્ર છે. તું મારી આંખોનું અમુલ્ય રતન છે...”

‘પંખ’ની
ઉડાનમાં
સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
મનોરી શાહ
અનંત ગોહિલ
વિરલ જોશી
કેયુર દુધાત

## સહૃદય આભાર

**Bhushan Mehta Photography**
**(Back Cover)**
**(www.knowbbm.com)**
**Meera Joshi (Front Cover)**

## અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+૯૧ ૯૯૦૪૯૧૮૧૬૮

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg


“છોડ દીવાને, પહેલા તું મને પ્રગટાવને,
આવવા તૈયાર છું, રસ્તો જરા બદલાવને.
પ્રેમની વ્યાખ્યા કરે છે એક માણસ ક્યારનો,
તું જરા એણે ખૂણામાં લઇ જઈ સમજાવને.”
- અનિલ ચાવડા